# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૦ તા. ૧૫-૦૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના ભાગ રૂપે નિબંધ સ્પર્ધાના આયોજન બાબત.**

**સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પત્રક્રમાંક પ્રાશિનિ/છ-૨/નિબંધ સ્પર્ધા/૨૦૧૬/૩૦-૮૨ તા.૧૧-૧-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે તમામ પ્રાથમિક શાળાઓમાં ધો.૫ થી ૮ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન નીચે મુજબ કરવાનું થાય છે.

- નિબંધ સ્પર્ધાના વિષયો :- (૧) સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત (૨) બેટી બચાવો, બેટી ભણાવો.
- શાળા કક્ષાની સ્પર્ધા :- તા.૧૬-૧-૧૬ સુધી
- સી.આર.સી.કક્ષાની સ્પર્ધા :- ૧૮-૧-૧૬ સુધી
- બી.આર.સી. તથા જિલ્લા કક્ષાની સ્પર્ધા : ૧૯-૧-૧૬ થી તા.૨૧-૧-૧૬
- શાળા કક્ષાએ પ્રથમનંબરે આવેલ વિદ્યાર્થીઓના નિબંધની નકલ સી.આર.સી.કક્ષાએ મોકલવાની રહેશે.
- સી.આર.સી.કક્ષાએ પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીઓના નિબંધની નકલ બી.આર.સી.કક્ષાએ અને બી.આર.સી. કક્ષાએ પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીના નિબંધની નકલ જિલ્લા કક્ષાએ મોકલી આપવાની રહેશે.
- ઉપર્યુકત વિષય પૈકી કોઈપણ એક વિષય પર વિદ્યાર્થીઓએ ૪૫ મિનિટમાં ૨૦૦-૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે.
- નિબંધ ગુજરાતી / હિન્દી / અંગ્રેજી પૈકી કોઈપણ ભાષામાં લખી શકાશે.
- **નિર્ણાયક :**
  (૧) શાળા કક્ષાની સ્પર્ધામાં નજીકની પ્રાથમિક શાળાના આચાર્ય,હાઈસ્કુલના શિક્ષક કે આચાર્યને નિર્ણાયક તરીકે રાખવા.
  (૨) સી.આર.સી.કક્ષાએ અન્ય સી.આર.સી.,બી.આર.સી., હાઈસ્કુલના શિક્ષક કે આચાર્યને નિર્ણાયક તરીકે રાખવા.
  (૩) બી.આર.સી.કક્ષાએ હાઈસ્કુલના આચાર્ય, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના લેકચરર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને નિર્ણાયક તરીકે રાખવા.
- આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં ભાગ લે તે અંગે વિશેષ ધ્યાન રાખવું.

તા. ૧૫-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૩૧ તા. ૧૫-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**

**સંદર્ભ :- ઝૂ ડાયરેકટરશ્રીની કચેરીના ઝેડ.એસ.ડી.નં.૬૮૫/તા.૧૧-૧-૧૬ પત્ર અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે કમલાનહેરૂ ઝુલોજીકલ ગાર્ડન, કાંકરિયા, અમદાવાદ દ્વારા તા.૧૪-૧-૧૬ થી તા.૩૦-૧-૧૬ સુધી એનિમલ વેલ્ફેર પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. આ પખવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ પખવાડિયા દરમ્યાન ૧૨વર્ષ સુધીના બાળકોને દર સોમવાર સિવાય'ઝૂ'માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. કાંકરિયા પ્રાણીસંગ્રહાલય સિવાય અન્ય વિભાગોમાં રાબેતા મુજબ ટીકીટ મેળવી પ્રવેશ આપવામાં આવશે. આ તમામ બાબતો જાણમાં લઈ બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા. ૧૫-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૨ તા. ૧૫-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આગામી તા.૧૭-૧-૧૬ના રોજ એન.આઈ.ડી. પોલિયો રાઉન્ડ છે. બાળ લકવા નાબુદી અભિયાનની ઝુંબેશમાં સહાયરૂપ થવા તમામ વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં આ અંગેની જાગૃતિ અર્થે જાણકારી આપવી.

તા. ૧૫-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૩૩ તા. ૧૫-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૧૫–૧૬ માં રાષ્ટ્રીય કક્ષાએ "બેટી બચાવો, બેટી પઢાવો" ની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે તમામ એસ.એમ.સી. કક્ષાએ તા.૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬ ના રોજ પ્રજાસત્તાક દિન નિમિતે **"દીકરીની સલામ દેશને નામ"** કાર્યક્રમની ઉજવણી કરવાની થાય છે, જેમાં નીચેના મુદ્દા ધ્યાને લેવાના રહેશે.

આ કાર્યક્રમ અંતર્ગત આ વર્ષમાં ગામ/શાળાના પોકેટ વિસ્તારમાં જેટલી દીકરીઓનો જન્મ થયેલ હોય તેટલી દીકરીઓ અને તેમના માતા–પિતાને અને ગામ/શાળાના પોકેટ વિસ્તારમાં જે દીકરી સૌથી વધારે ભણેલી હોય અને હાલ ગામમાં રહેતી હોય તેવી દીકરીઓને અને તેમના માતા–પિતાને શાળા વ્યવસ્થાપન સમિતિ ધ્વારા આ સાથે સામેલ આમંત્રણ પત્રિકાથી આમંત્રણ આપી તા.૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬ ના દિવસે શાળા કક્ષાએ બોલાવી પ્રથમ હરોળમાં બેસાડી તેમનું સન્માન કરવું અને તેમને સ્મૃતિ ચિહન આપવું તેમજ વધુ ભણેલી દીકરીને મુખ્ય અતિથિ બનાવી તેમની પાસે ધ્વજવંદન કરાવવું.

આ કાર્યક્રમ માટે સ્મૃતિચિહન માટે રૂા.૩૦૦/– ની ગ્રાન્ટ એસ.એમ.સી. કક્ષાએ ફાળવવામાં આવશે. તેમજ ૩ વાલી સંમેલન યોજવાના થાય છે. તેમાંથી પ્રથમ વાલી સંમેલન તા.૨૬ મી જાન્યુઆરી ૨૦૧૬, બીજુ વાલી સંમેલન તા.૨૬ મી ફેબ્રુઆરી ૨૦૧૬ અને ત્રીજુ વાલી સંમેલન ૯ મી માર્ચ ૨૦૧૬ ના રોજ યોજવાનું રહેશે. આ કાર્યક્રમો માટે નીચે મુજબની ગ્રાન્ટ એસ.એમ.સી.માં ફાળવવામાં આવશે.

- રૂા.૩૦૦/– દીકરીની સલામ દેશને નામ કાર્યક્રમમાં (સ્મૃતિ ચિહન)માટે
- રૂા.૩૦૦/– ત્રણ વાલી સંમેલન માટે (૧૦૦×૩ વાલી સંમેલન)
- રૂા.૨૦૯/– તમામ કાર્યક્રમના ડોકયુમેન્ટેશન અને વિડીયોગ્રાફી માટે

- **<u>વાલી સંમેલનના એજન્ડા</u>**
- શાળામાં WSDP પર વિચારણા અને ચિંતન
- શાળા સ્વચ્છતા, સ્વચ્છ ટોઈલેટ અને સ્વચ્છ ખોરાક
- બાળકોનો પ્રવેશ, નિયમિતતા, શિક્ષણની ગુણવત્તા
- એસ.ટી.પી. પ્રોગ્રામનું આયોજન
- વિશિષ્ટ જરૂરીયાત વાળા બાળકો માટે CWSN ની માહિતી, સાધન સામગ્રીની પ્રાપ્તિ તથા ઉપયોગિતા
- ટ્રાન્સપોર્ટે તથા એસ્કોટની સગવડતાનું યોગ્ય આયોજન
- ડ્રોપ આઉટ બાળકો માટે વિચારણા
- કન્યા શિક્ષણ માટે ચિંતન
- વૃક્ષારોપણ, જળસંચય, સ્માર્ટ સ્કુલ અને સ્માર્ટ લર્નિંગની ચર્ચા
- **<u>કોને બોલાવશો ?</u>**
- શાળામાં ભણતા બાળકોના વાલીઓ, એસ.એમ.સી.ના સભ્યશ્રીઓ, જે–તે વિસ્તારના વડીલ વ્યકિતઓ, રોડ મોડલ સમાન વ્યકિતઓ, પ્રેરક અને કર્મઠ વ્યકિતત્વ ધરાવતા વ્યકિતઓ અને કેળવણીકારો
- **<u>વાલી સંમેલન સફળતાની શરતો :</u>**
- વાલી સંમેલનની સફળતા માટે અસરકારક આયોજન કરવાનું રહેશે
- જે વાલી સંમેલન થાય તેની વિગતવાર નોંધ રાખવી અને વિઝીટબુકમાં નોંધ કરાવવી અને ડોકયુમેન્ટેશન અને વિડીયોગ્રાફી કરાવવી
- વાલી સંમેલનમાં જે સૂચનો થયા હોય તેનું સત્વરે અમલીકરણ થાય તે ખાસ જોવું
- વાલી સંમેલનનો સમય એવો રાખવો જેમાં બધા હાજર રહી શકે.

તા. ૧૫-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શાળા આચાર્ય

પત્ર જાવક :

.................પ્રાથમિક શાળા

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

તા. ..... જાન્યુઆરી-૨૦૧૬

વ્હાલી દીકરી ....................

આયુષ્યમાન થાઓ, સૌભાગ્યવતી  થાઓ, ગુણવાન થાઓ.

આશા છે કે તમે (તું )સ્વસ્થ હશો (કુશળક્ષેમ હશો )અને પોતાના કુટુંબમાં પ્રત્યેક ખુશીનો આનંદ માણતા હશો.તમે તમારા જીવનનાં પહેલા વર્ષમાં છો અને તમારી કિલકિલાટથી (હાસ્યથી)તમારું ઘર આંગણું ગુંજી રહયું હશે.તમારા સ્મિતથી અને મનમોહક હરકતોથી તમારું આખું કુટુંબ આનંદિત થઇ રહયું હશે.તમારા હોવાથી તમારા કુટુંબના દરેક સભ્યો ધન્ય થયા છે અને તમારું કુટુંબમાં હોવું એ સૌભાગ્ય તથા ખુશાલીનું પ્રતિક છે.અમે તમને જણાવવા ઈચ્છીએ છીએ કે તમારા ઘરની નજીક જ એક શાળા છે જેમાં આવનાર વર્ષોમાં તમારા નાના –નાના પગલાં પડશે અને તમે કેટલાંય વર્ષ ત્યાં શિક્ષણ મેળવનાર છો.

તમને (તને) એ પણ જણાવવાં ઈચ્છીએ છીએ કે ૨૬ મી જાન્યુઆરીએ ભારત ગણરાજ્યનો ગણતંત્ર દિવસ છે અને તમે દુનિયાના સૌથી મોટા લોક તંત્ર દેશના નાગરિક છો. અમે દરવર્ષે ૨૬ મી  જાન્યુઆરીએ ગણતંત્રનો ઉત્સવ ઉજવીએ  છીએ. આ કાર્યક્રમ તમારી બાજુની શાળામાં પણ ઉજવાતો હશે.આ દિવસે ગામની સૌથી વધુ ભણેલી તમારી મોટી બહેન (દીદી) ધ્વજ વંદન કરશે અને આ ગણતંત્ર ઉત્સવને ઉજવવા બધા બાળકો,મોટેરાઓ ભાગ લેશે, તો હવે તમે પણ અહીંના નાગરિક છો તો આ ગણતંત્રના ઉત્સવમાં (પર્વમાં)તમારે ઉપસ્થિત રહેવું એ અતિ આવશ્યક છે.

આથી તમારી નજીકની શાળા તથા શાળા વ્યવસ્થાપન સમિતિ તમને આ ઉત્સવમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવીએ છીએ.તમને બેસવા માટેની વ્યવસ્થા સૌથી પહેલી હરોળમાં કરેલ છે,જેથી તમે કોઈ પણ વિક્ષેપ વગર આ કાર્યક્રમને જોઈ શકો.આશા છે કે તમે આ કાર્યક્રમમાં સકુટુંબ પધારશો અને પોતાની નજીકની શાળામાં પહેલા ભ્રમણ કરશો.

ખુબ ખુબ શુભ કામનાઓ સાથે ફરીથી વ્હાલભર્યું આમંત્રણ...

ઠંડી બહુ છે,પોતાની સંભાળ લેવી,આશા છે કે આ ૨૬ મી જાન્યુઆરીએ મુલાકાત અવશ્ય થશે."

આશીર્વાદ સાથે

તમારી નજીકની શાળા  અને

તથા શાળા વ્યવસ્થાપન સમિતિ

દીકરી........................................................

સુપુત્રી શ્રીમતિ.............................................

સુપુત્રી શ્રી.........................................

સરનામું ..........................................